ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૨૭.૦ ડીગ્રી
લઘુતમ : ૧૧.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૫૩ ટકા

ગાંધીનગર તાપમાન

# શહેરમાં વિટામીન-સીથી ભરપુર આમળાની ભારે માંગ

ગાંધીનગર, તા.૧૭

શિયાળાની શરૂઆત થઈ ગઈ છે ત્યારે સ્વાસ્થ્યવર્ધી આમળા શહેરના માર્કેટમાં દેખા દઈ રહ્યા છે અને શહેરના ડોકટર્સ પણ આ કોરોનાના સમયગાળામાં સવારે નરણાં કોઠે આમળાનો રસ આરોગવાની સલાહ આપે છે. આમ તો આમળાને ઔષધિય ફળ કહેવાય છે. વિટામીન-સી અને બી, કેલ્શિયમ, આર્યન, કેરોટીન જેવા તત્વોથી ભરપુર આમળાના અનેક ફાયદા છે.

શિયાળામાં લીલા શાકભાજી સાથે આમળા સરળતાથી શહેરના બજારોમાં ઉપલબ્ધ છે. સ્વાદમાં સહેજ ખાટા અને તૂરા આમળામાં સૌથી વધુ વિટામીન-સી મળે છે જે હાલના દિવસોમાં કોરોનાથી રક્ષણ મેળવવા માટે જરૂરી છે.

**● આમળાના રસના ફાયદા ●**

● આમળાનો રસ પીવાથી કોલેસ્ટ્રોલ કંટ્રોલ થાય છે.

● હાર્ટ પ્રોબ્લેમ્સથી બચવામાં આમળા મદદરૂપ થાય છે.

● આમળાના રસમાં એન્ટી ઈન્ફલેમેટરી પ્રોપર્ટીઝ હોય છે જે ઘુંટણના દુઃખાવા સહિત તમામ પ્રકારના સાંધાના દુઃખાવાથી રાહત આપવામાં મદદ કરે છે.

● આમળાના રસમાં ડાયયૂરેટિક ગુણ હોય છે જે યુરિન સંબંધિત તમામ સમસ્યાથી બચવામાં મદદરૂપ થાય છે.

● આમળાના રસમાં રહેલ વિટામીન-સીની વધુ માત્રા નબળાઈ દૂર કરવામાં મદદ કરે છે અને એનર્જી પ્રદાન કરે છે.

● આમળામાં ફાયબરની માંગ વધુ પ્રમાણમાં હોય છે માટે રસને પીવાથી ડાયજેસ્ટીવ સિસ્ટમ સરળ રહે છે.

● આમળાના રસના સેવનથી બોડીના ટોકિસન્સ દૂર થાય છે સ્કિનની ચમક વધે છે અને વાળ કાળા અને ઘટ્ટ બને છે.

● ખાસ જે વજન ઓછું કરવા માટે પ્રયત્ન કરી રહ્યા હોય તેઓ જો રોજ આમળાનો રસ પીવે તો મેટાબોલિઝમ ઈમ્પ્રુવ થાય છે.

આમળાનું સેવન કરવાથી અનેક પ્રકારની બિમારીઓ પણ દૂર થાય છે. જેમ કે આમળાનો રસ આંખો માટે લાભકારી છે. આમળામાં ક્રોમિયન તત્વ રહેલું છે જે ડાયાબિટીસમાં લાભકારી છે. આમળાનું સેવન કરવાથી હાડકા મજબૂત બને છે. શહેરની ઘણી ગૃહિણીઓ બારેમાસ આમળા ખાઈ શકાય તે માટે આમળાને સુકવી તેનું ચૂર્ણ, મુખવાસ કે મુરબ્બો બનાવતી હોય છે. જેથી ફકત શિયાળામાં જ નહિ બારે માસ આમળાના ફાયદાનો લાભ પરિવારજનોને મળતો રહે.




કોરોનાની આ મહામારી વચ્ચે જયારે ડોકટર તમામને વિટામીન-સી લેતું રહેવાની સલાહ આપે છે ત્યારે વિટામીન-સીથી ભરપુર આમળાની ખરીદીનો શહેરમાં વધારો થયો છે.




શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થતા વાહનોની સ્પીડ ખુબ વધુ હોય છે. મુખ્ય માર્ગો પર અકસ્માતોનું પ્રમાણ વધતા આરટીઓ કચેરી દ્વારા સ્પીડગન દ્વારા સ્પીડ ચેક કરી દંડ વસુલવાની કામગીરી કરવામાં આવી હતી.

## માણસા-કલોલ માર્ગ પરથી ચોરીના બાઈક સાથે યુવક ઝડપાયો

ગાંધીનગર, તા.૧૭

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ ડી.એસ.રાઓલ અને ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન સાથે રહેલા હેડ કોન્સ્ટેબલ અનુપસિંહ અને પોલીસ કોન્સ્ટેબલ અનોપસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે માણસા થી કલોલ તરફના માર્ગ પરથી એક નંબર પ્લેટ વિનાના પલ્સર બાઈક સાથે એક યુવકને પકડી પાડ્યો હતો. પોલીસે યુવકનું નામ પુછતા તેણે સવાઈરામ કાનજીભાઈ દરજી (ઉં.૩૮ રહે.ગામીચોક માણસા મુળ રહે. કોટડા તા.સીવુ,જી.બાડમેર) હોવાનું સામે આવ્યું હતું. પોલીસે બાઈક નંબર વિનાનું હોવાથી આધાર પુરાવા માંગતા તેણે સંતોષકારક જવાબ આપ્યો ન હતો. પોલીસે યુવકની ઉંડાણપૂર્વક પુછપરછ કરતા આ બાઈક પોતાના મિત્ર વિજયજી ચંદુજી ઠાકોર (રહે.બોરૂગામ ઠાકોરવાસ) એ વર્ષ ૨૦૧૭માં વડોદરા બહેરામપુરા બકરાવાડી ખાતેથી ચોરી કરી લાવ્યો હોવાનુ જણાવ્યું હતું. ત્યારબાદ તેણે રૂ.૨૦ હજારમાં વેચી માર્યુ હતું. જે બાઈક તે નંબર પ્લેટ કાઢીને ફેરવતો હોવાનું જણાવ્યું હતું. પોલીસે બાઈકની કિંમત રૂ.૩૫ હજાર ગણીને યુવક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગાંધીનગર જિલ્લા વાસીઓ માટે ઓનલાઈન યોગાસન તાલીમ શિબિર

ગાંધીનગર, તા.૧૭

રાજય સરકાર દ્વારા યુવાઓના પ્રોત્સાહન માટે યોગાસન તાલીમ શિબિરનું આયોજન વેબીનાર (ઓનલાઇન)થી કરવામાં આવનાર છે. આ શિબિર તા. ૨૫મી ડિસેમ્બર, ૨૦૨૦થી તા. ૨૦મી જાન્યુઆરી, ૨૦૨૧ સુધી ગુજરાત રાજય યોગ બોર્ડના ગાંધીનગર જિલ્લાના યોગ કોચ દ્વારા યોગાસન અંગેની તાલીમ આપવામાં આવશે.

યોગાસન તાલીમ શિબિરનું આયોજન વેબીનાર (ઓનલાઇન) અરજી માટેનું ફોર્મ મેળવી તા. ૨૩મી ડિસેમ્બર, ૨૦૨૦ સુધીમાં અરજદારે ફોર્મ તથા જન્મ તારીખના પુરાવા માટે આધારકાર્ડ તથા ડીબીટી માટે બેંક પાસબુકની નકલ જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, સી-વિંગ છઠ્ઠો માળ, સહયોગ સંકુલ, સેકટર- ૧૧, ગાંધીનગર ખાતે કચેરી સમય દરમ્યાન રુબરુ તમામ આધાર પુરાવા સાથે અરજી આપવાની રહેશે.

ગાંધીનગર જિલ્લામાં ૧૦૦ શિબિરાર્થીઓ ભાગ લઇ શકશે. જેમાં યોગાસન તાલીમ શિબિર બાદ ઓનલાઈન પરીક્ષા લેવામાં આવશે. પરીક્ષમાં ૧ થી ૨૦ માં ક્રમમાં પાસ થનાર શિબિરાર્થીઓને રોકડ પુરસ્કાર ડી.બી.ટી. દ્વારા આપવામાં આવશે. વધુ માહિતી માટે કચેરી સમય દરમ્યાન સંપર્ક કરવા જિલ્લા વિકાસ અધિકારી, ગાંધીનગરે જણાવ્યું છે.

## ઓનલાઈન ભાવગત કથા



ધર્નુમાસની શરૂઆત થઈ ગઈ છે ત્યારે સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા ધનુર્માસમાં ભાગવત કથાનું મહત્વ સમજીને ઓનલાઈન ભાવગત કથા તા. ૧૫ ડિસેમ્બરથી યોજાઈ રહી છે. જેમાં સંસ્થાની બહેનો રસપૂર્વક ભાગ લઈ ભાગવત કથા સાંભળી રહ્યા છે.

## સે-૧૫ ઉમિયાધામ ફલેટના પાર્કિંગમાંથી ૧૮ બોટલ દારૂ સાથે યુવક ઝડપાયો

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરના સેકટર-૧૫ ઉમિયાધામ ફલેટ નીચે પાર્કિંગમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો છે. પોલીસે રૂ.૬૭૫૦ ની ૧૮ બોટલ કબ્જે કરી યુવક સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ સેકટર-૭ પોલીસની ટીમના જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે સેકટર-૧૫ ફતેપુરા આઈટીઆઈ નજીક આવતા સાથે રહેલા પોલીસે કોન્સ્ટેબલ નરેન્દ્રસિંહ ભુપતસિંહને બાતમી મળી હતી કે એક શખ્સ સેકટર-૧૫ ઉમિયા ધામ ફલેટના પાર્કીંગની જગ્યાએ ખુણામાં દારૂની બોટલ રાખીને વેચવાની કામગીરી કરે છે. જે શખ્સ હાલના સમયે ઘરે હાજર છે. જેથી પોલીસે સ્થળ પર જઈને તાત્કાલીક રેઈડ પાડી હતી. જેમાં પોલીસે તેનુ નામ પુછતા હિતેશ મહેન્દ્રભાઈ પરમાર(ઉ.૨૮) સેકટર-૧૫ બળીયાદેવ મંદિર પાસે થી ઝડપી પાડ્યો હતો. પોલીસે પાર્કીંગમાં રહેલા ખોખો જોતા તેમાંથી ૧૮ બોટલ વિદેશી દારૂની મળી આવી હતી. પોલીસે રૂ.૬૭૫૦ ની ૧૮ બોટલ કબ્જે કરી યુવક સામે પ્રોહીએકટ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોન્ગોન્ગો નટ્સ છેતરપિંડી કાંડમાં વધુ એક સાગરીતની અટકાયત

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના સેકટર-૨૬ સુર્યનારાયણ સોસાયટી ખાતે રહેતા યુવાનને ઠગ ટોળકીએ રૂ.૫૦.૬૮ લાખ ચુનો ચોપડ્યો હતો. ફેસબુકના માધ્યમથી મિત્ર બનેલી યુવતિની લોભામણી વધુ રૂપીયા કમાવાની લાલચમાં આવી જઈને રૂપીયા ગુમાવ્યા હતા. શહેરના યુવાને સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આ કેસમાં ઉદેપુરથી ત્રીજા આરોપીની ધરપકડ કરી લીધી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૨૧ પોલીસ મથકમા નોંધાયેલી ફરીયાદ મુજબ સેકટર-૨૬ સુર્યનારાયણ સોસાયટી ખાતે રહેતા વિજયપ્રકાશ રમાશંકર શુકલ (ઉં.૪૨) દ્વારા ફરીયાદ નોંધાવી હતી. જેમાં ડિસેમ્બર-૧૮ના રોજ ફેસબુક પર એમીલી જોન્સન નામની યુવતિની ફ્રેન્ડ રીકવેસ્ટ આવી હતી. આ જે ફરીયાદીએ સ્વીકારી હતી અને વાતચીત શરુ થઈ હતી.જેમાં એમીલીએ તે યુકે માં સ્પેશિયાલીસ્ટ હેલ્થકેર ફાર્મા કંપનીમાં પર્ચેઝ મેનેજર હોવાનું કહ્યું હતું. ત્યારબાદ ભાગીદારીમાં મોન્ગોન્ગો વાઈલ્ડ નટ્સ ઓછા ભાવે ખરીદીને પોતાની જ કંપનીમાં ઉંચા ભાવે વેચવાની લોભામણી લાલચ આપી હતી.યુવતિએ ફરીયાદીને બજારમાંથી રૂ.૧.૯૦ લાખમાં ખરીદેલ નટ્સના પેકેટ ૪.૫૫ લાખમાં વેચવાનું કહ્યું હતું. જેથી યુવકે ૪૦૦ ગ્રામના નટ્સના ૩૫ પેકેટ રૂ.૧.૯૦લાખના ભાવે ખરીદી કર્યા હતા. યુવકને વધુ પેકેટ ખરીદી માટે દબાણ થતા ફરીયાદીએ શંકાના આધારે તપાસ કરતા પોતે રૂ.૧.૯૦ લાખમાં લીધેલુ પેકેટ માત્ર ૧૦ હજારના મળતા હોવાનું ધ્યાને આવ્યું હતું. સેકટર-૨૧ પીઆઈ એ.જે. ચૌહાણના માર્ગદર્શન હેઠળ પોલીસની ટીમે તપાસ ચલાવી ત્રીજા આરોપી મુકેશ સત્યનારાયણ સેનને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ઘરફોડ ચોરીના ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૧૭

કલોલ શહેર પોલીસ મથકમાં નોંધાયેલા ઘરફોડ ચોરીના ગુનામાં એક વર્ષથી નાસતો ફરતો કિશોર પકડાયો હતો. રેન્જ લેવલની નાસતા-ફરતા ટીમ-૨ દ્વારા કલોલ આંબેડકર ત્રણ રસ્તા પાસેથી કિશોરને બાતમીને પગલે પકડી પાડ્યો હતો. કિશોરે એક વર્ષ પહેલા પોતાના સાગરીતો સાથે મળીને કલોલ શહેરના એક મેડીકલ સ્ટોરનું તાળુ તોડીને સીસીટીવી, ડીવીઆર તેમજ મોબાઈલ અને રોકડની ચોરી કરી હતી. જેમાં કિશોરના સાગરીતો પકડાઈ ગયા હતા. પરંતુ તે નાસતો ફરતો હતો. જેને પગલે પોલીસે તેને પકડીને તેના વિરુધ્ધ કાયેદસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## પૂ. ગુરુમાના ગીતા પ્રવચનો યુ-ટ્યૂબ ચેનલ પર આજથી હિન્દીમાં પ્રસારિત થશે

### દર શુક્રવારે અને સોમવારે સાંજે ૬.૩૦ થી ૭.૩૦ જીવંત પ્રસારણ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના સમદર્શન આશ્રમમાં બિરાજમાન વિરલ સંત પૂજય ગુરુમા સમાનંદ સરસ્વતીજીનો ગીતા સત્સંગ તા. ૧૮મી ડિસેમ્બરથી હિન્દીમાં યોજાશે. કોરોના કાળમાં પૂ. ગુરુમા યુ-ટ્યૂબ ચેનલના માધ્યમથી ગીતા પ્રવચનો કરી રહ્યા છે. ગુજરાત બહાર પણ બહોળો શ્રોતાવર્ગ ધરાવતા પૂજય ગુરુમાના જ્ઞાનનો લાભ વધુ લોકો લઈ શકે તે હેતુથી હવેથી ગીતા સત્સંગ હિન્દીમાં યોજાશે.

તા. ૧૮મી ડિસેમ્બરથી અઠવાડિયામાં બે દિવસ શુક્રવાર અને સોમવારે સાંજે સાડા છથી સાડા સાત દરમિયાન સમદર્શન આશ્રમની યુ-ટ્યૂબ ચેનલ પરથી પૂ. ગુરુમાના હિન્દી સત્સંગનું જીવંત પ્રસારણ



કરાશે.

પૂ. ગુરુમા સમાનંદ સરસ્વતીજી છેલ્લા ૨૨ વર્ષથી ગાંધીનગરના સેક્ટર-૧ સ્થિત સમદર્શન આશ્રમમાં ગીતાજી અને ઉપનિષદનો સત્સંગ કરાવી રહ્યા છે. ભાવિક-ભકતોનો વિશાળ વર્ગ નિયમિત રીતે આ સત્સંગનો લાભ લે છે. કોરોનાના આ સમયમાં પૂ. ગુરુમા સોશિયલ મીડિયાના માધ્યમથી જીવંત પ્રસારણ દ્વારા લોકોને જ્ઞાનનો લાભ આપી રહ્યા છે.

તા. ૧૮મી ડિસેમ્બરથી ગીતાજીના ૧૩મા અધ્યાયથી હિન્દીમાં સત્સંગનો શુભારંભ થઇ રહ્યો છે. ક્ષેત્રક્ષેત્રજ્ઞવિભાગયોગ નામે ૧૩મા અધ્યાયમાં જીવાત્મા અને પરમાત્માની ગહન વાતો છે. આપણા દરેકના જીવનને સ્પર્શતા મૂલ્યોની અત્યંત મહત્વની સમજણ છે. આ પ્રવચનોનો લાભ લેવા સમદર્શન આશ્રમ દ્વારા અનુરોધ કરાયો છે.



હજુ એક મહિના પહેલા કોબીજ-ફલાવર જેવી શાકભાજીના ભાવો ૮૦ રૂપિય કિલો પહોંચી ગયા હતા. કયું શાક ખાવું તે પ્રશ્ન ગૃહિણીઓને સતાવતો હતો પરંતુ હવે આખું દશ્ય બદલાઈ ગયું છે. ૧૦ રૂપિયે કિલોના ભાવે પણ કોઈ કોબીજ-ફલાવરનું શાક ખાવા તૈયાર નથી. ખેતરોમાં એટલ બધા ફલાવર થયા છે કે ખેડૂતોને બજારમાં પહોંચાડવું મોંઘુ પડી રહ્યું છે. ફલાવરની ખરીદી કોઈ કરતું ન હોઈ ખેડૂતો જાતે જ ફલાવર-કોબીજના ટ્રેકટર ભરીને બજારોમાં વેચાણ કરવા આવી રહ્યા છે.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ. મહેશદાન રતનસિંગ ગઢવી, ઉ.વ. ૬૨, સેકટર-૩, ગાંધીનગર
- સ્વ. કીરીટસિંહ કરણસિંહ ઝાલા, ઉ.વ. ૫૯, સેકટર-૨૬, ગાંધીનગર
- સ્વ. ઠાકોર બોબીબેન મગનજી, ઉ.વ. ૬૩, માણસા, જી. ગાંધીનગર
- સ્વ. લીલાબેન રણછોડભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૬૩, સેકટર-૨૮, ગાંધીનગર
- સ્વ. નારાયણી ગણેશલાલ તેલી, ઉ.વ. ૪૧, સેકટર-૨૪, ગાંધીનગર
- સ્વ. જંગુમતી નલીનકાંત વૈષ્ણવ, ઉ.વ. ૮૬, સેકટર-૨૧, ગાંધીનગર
- સ્વ. સવિતાબેન કાળાજી ઠાકોર, ઉ.વ. ૫૬, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. વિનોદકુમાર રેવાનદાસ ચમાર, ઉ.વ. ૫૩, ઉનાવા, તા.જી. ગાંધીનગર
- સ્વ. ઠાકોર સવજીભાઈ જવાનજી, ઉ.વ. ૫૭, રાંધેજા, તા.જી. ગાંધીનગર
- સ્વ. કમળાબેન વિઠ્ઠલભાઈ પરમાર, ઉ.વ. ૭૦, સેકટર-૨, ગાંધીનગર
- સ્વ. બકાજી જીવાજી ઠાકોર, ઉ.વ. ૫૮, દહેગામ, જી. ગાંધીનગર

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. શાહ વિમળાબેન નવનીતલાલ, ઉ.વ. ૭૯, રાંદેસણ, તા. ગાંધીનગર
- સ્વ. કિરીટકુમાર ભાનુપ્રસાદ દાણી, ઉ.વ. ૬૮, સેકટર-૭, ગાંધીનગર
- સ્વ. પરેશકુમાર ભોળાશંકર આચાર્ય, ઉ.વ. ૬૮, કુડાસણ, ગાંધીનગર

# સાંજના પીકઅપ સમયે ચ-૩ સર્કલે સર્જાતી ભરચક ટ્રાફિકની સમસ્યા

**આજે બે કાર વચ્ચે સર્જાયેલી નજીવી ટકકરથી થયેલી બોલાચાલીના કારણે ટ્રાફિક થોડીવાર માટે જામ થયો : નાની-મોટી ટકકર અને તુ તુ મૈં મૈંના દશ્યો લગભગ રોજીંદા બની ગયા છે : સરકારી કચેરીઓ છુટવાના સમયે ચ-માર્ગ પર જવાનું ટાળતા વાહનચાલકો**

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર કોરોના કાળની અસરમાંથી ધીમે ધીમે જાણે બહાર આવી રહ્યું હોય તેવી પરિસ્થિતિ અનુભવાઈ રહી છે. શહેરમાં દિન-પ્રતિદિન ટ્રાફિક યથાવત જ નહીં પરંતુ પહેલા કરતા વધી રહ્યો હોય તેવો અહેસાસ થઈ રહ્યો છે. જેના પગલે શહેરમાં મુખ્યમાર્ગો પર વાહનોની સંખ્યામાં સતત વધારો થયેલો જણાઈ રહ્યો છે. આ કારણે શહેરના સર્કલો પર ટ્રાફિક સિગ્નલની 'રેડ લાઈટ' ઓન થાય ત્યારે વાહનોની લાંબી કતારો જોવા મળે છે. શહેરના ચ-૩ સર્કલે સાંજે ૬.૧૫ પછી સરકારી કચેરીઓ છુટવાના પીકઅવર્સ દરમિયાન એટલો ટ્રાફિક થાય છે જેને પગલે છાશવારે નાની-મોટી ટકકર સર્જાઈ રહી છે. આજે પણ ચ-૩ સર્કલે સિગ્નલ રેડ થતા જ સે-૧૧ના કટ પાસે બે કાર વચ્ચે નાની ટકકર થતાં બંને કારચાલકો વચ્ચે તુ તુ મૈં મૈં જામી હતી અને તેના કારણે ટ્રાફિક જામ જેવી સ્થિતિ સર્જાઈ હતી.

શહેરમાં ટ્રાફિક સિગ્નલ લગાડયાંને બહુ લાંબો સમય થયો નથી તેથી હજુ પણ અનેક વાહન ચાલકોને ટ્રાફિક સિગ્નલની આદત નથી જેના કારણે ઘણીવાર વાહનચાલકો રેડ સિગ્નલ જોઈને અચાનક બ્રેક મારે છે અથવા તો આગળના વાહનચાલકને ઉભેલો જુએ ત્યારે છેલ્લી ઘડીએ બ્રેક મારે છે. આ કારણે અનેકવાર નાની મોટી ટકકર સર્જાતી હોય છે. અને વાહનચાલકો વચ્ચે તુ તુ મૈં મૈં સહિત નાના મોટા ઘર્ષણના બનાવો રોડ વચાળે વારંવાર જોવા મળે છે. આજે સાંજે ચ-૩ સર્કલે જયારે ટ્રાફિક સિગ્નલ્સ ચાલુ હતા ત્યારે વાહનોની લાગેલી લાંબી કતારમાં સે-૧૧ના કટ પાસે એક કારચાલક દ્વારા અચાનક બ્રેક મારવાને કારણે તેની પાછળ આવતી કાર ટકરાઈ હતી જેના કારણે બંને કારને નજીવું નુકસાન થયું હતું પરંતુ ભરચક ટ્રાફિકમાં બંને કારચાલકો ચડસાચડસી પર આવી ગયા હતા અને એકબીજા પર દોષારોપણ કરવા લાગ્યા હતા જેને પગલે થોડીવાર માટે ટ્રાફિક જામ થવા પામ્યો હતો અને અન્ય વાહનચાલકોએ હોર્ન વગાડવાનું શરૂ કરી દીધું હતું. જો કે અન્ય વાહનચાલકોના સમજાવટભર્યા દબાણને કારણે બંને કારચાલકો છુટા પડયા હતા અને પછી ટ્રાફિક રાબેતા મુજબ થવા પામ્યો હતો પરંતુ ચ-માર્ગ પર ખાસ કરીને સાંજે સરકારી કચેરીઓ છુટવાના કારણે આ પ્રકારની સ્થિતિ સામાન્ય થઈ ગઈ છે અને મોટા ભાગના વાહનચાલકો જાણે હોડમાં ઉતર્યા હોય તે રીતે યેનકેન પ્રકારે એકબીજાથી આગળ નીકળી જવાના પ્રયાસમાં જ રત જોવા મળે છે. જેમાં ઘણીવાર ડાબી તરફથી લેનમાં પણ વાહનચાલકો ઘુસી જાય છે અને જેના કારણે ડાબી તરફ વળવા માંગતા વાહનચાલકો પરેશાનીનો ભોગ બને છે. અનેક વાહનચાલકો તો હવે સાંજે સરકારી કચેરીઓ છુટવાના સમયે ચ-માર્ગ પર જવાનું ટાળી રહ્યા છે.

### ડાબી તરફની લેનનો ખોટી રીતે ઉપયોગ કરતા વાહનચાલકો

**ગાંધીનગરમાં માત્ર પીકઅવર્સ દરમિયાન જ ટ્રાફિક સિગ્નલ્સ ચાલુ કરાય છે જેના કારણે પણ વાહનચાલકોને સર્કલે ટ્રાફિક સિગ્નલ્સ ચાલુ હોવાની બાબત ઘણીવાર ભુલાઈ જાય છે. વળી, હજુ અનેકવાહન ચાલકોને ડાબી તરફની લેન માત્ર ડાબી તરફ જવા માગતા વાહનો માટે હોય છે જેમને માટે સિગ્નલ 'ગ્રીન' જ હોય છે તે વાત ધ્યાનમાં રહેતી નથી. હવે તો પાછળના વાહનચાલકો જાણી જોઈને સિગ્નલ્સ પરનું ટાઈમર ૧૫ સેકન્ડથી નીચે જવા લાગે એટલે તેમને સીધા જવાનું હોય છતાં ડાબી લેનમાં ઘુસી જાય છે અને ટાઈમરમાં સેકન્ડસ પુરી થાય અને સિગ્નલ ગ્રીન થાય ત્યાં સુધીમાં સર્કલે પહોંચી પછી ટ્રાફિક ખુલે એટલે સીધા નીકળી જવાનો કિમીયો અજમાવે છે જે ખરેખર ખોટી ટ્રાફિક મેનર્સ દર્શાવે છે.**